પરદેશ પાર્સલસેવા
www.chipsairexp.com
CHIPS Express
અટરીયા-ધ બિઝનેસ હબ, શોપ નં. B-32, 'KH-0', સરગાસણ ૪ રસ્તા, ગાંધીનગર. M. 9227706105
chipsgnd@gmail.com

પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૩) અંક નં. ૧૬૪ | ૨૩ ઓગસ્ટ, ૨૦૧૮, ગુરૂવાર; શ્રાવણ સુદ - ૧૨ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦

## પ્રભાતના પગરવ...

### રક્તદાન સેવાના ભેખધારીઓને ભાવવંદન

વાતનો આરંભ કરીએ તે પહેલાં રક્તદાન પ્રવૃત્તિ સાથે સંકળાયેલા સૌ સેવાવ્રતધારીઓને સલામ પાઠવીએ છીએ. ગાંધીનગરની ઓળખ બદલવા માટે મહત્વની ભૂમિકા અદા કરનાર ૩૦૦૦થી વધુ રક્તદાતાઓની પીઠ થાબડવી છે. રક્તદાન-મહાદાન આ લખવું અને બોલવું સહેલુ છે પણ જરૂર પડે ત્યારે પોતાના શરીરનું અમુલ્ય રક્ત બીજા માટે આપવું અઘરૂ છે. પરોપકારથી છલોછલ વ્યક્તિત્વ જ રક્તદાન કરી શકે. 'ઘસાઈને ઉજળા થવું' પુજ્ય રવિશંકર મહારાજના વિધાનને ચરિતાર્થ કરવું હોય તો જીવનમાં એક વખત રક્તદાન કરવું જોઈએ. આપણુ લોહી કોઈક અજાણ્યા વ્યક્તિના જીવન બચાવવામાં ઉપયોગી થાય એ મોટી સેવા છે અને ગાંધીનગર આ સેવામાં સમૃદ્ધ છે. વસ્તીના પ્રમાણમાં રક્તદાતાઓ સંખ્યાની દૃષ્ટિએ ગાંધીનગર ગુજરાતમાં અગ્રેસર છે.

ગાંધીનગરમાં ચાલતી રક્તદાન પ્રવૃત્તિનું વિહંગાલોકન કરીએ તો વર્ષમાં ૮૫ થી ૯૦ રક્તદાન કેમ્પ યોજાય છે. અને જેમાં ૧૫ થી ૧૫૦૦ની સંખ્યામાં રક્તદાતાઓ સ્વૈચ્છિક રક્તદાન કરે છે. એટલું જ નહિ રક્તદાતાઓને બિરદાવવાવાળી સંસ્થાઓ અને વ્યક્તિઓ પણ નોંધપાત્ર સંખ્યામાં છે. ગાંધીનગર અર્બન કો.ઓપ. બેંક હોય કે ગાંધીનગર લાયન્સ ક્લબ હોય, રેડક્રોસ સોસાયટી હોય કે સિનિયર સિટિઝન કાઉન્સિલ હોય, સહયોગ મંડળ હોય કે કુંજ ફાઉન્ડેશન હોય રક્તદાનની પ્રવૃત્તિ જ્યાં જ્યાં થતી હોય ત્યાં ત્યાં પીઠબળ આપવા પહોંચતી સંસ્થાઓને પણ આ તકે સન્માનપુર્વક સલામ પાઠવીએ છીએ. ૩૦૦૦થી વધારે રક્તદાતાઓ વર્ષમાં ૩ થી ૪ વખત સ્વૈચ્છિક રક્તદાન કરે છે. કોને, ક્યારે, કેવી રીતે પોતાનું રક્ત પહોંચશે તેની ચિંતા કે ચર્ચા કર્યા સિવાય કોઈકને ઉપયોગી થવાના ભાવથી રક્તદાન કરે છે. ખરેખર ગાંધીનગર રક્તદાનની બાબતમાં દિવાદાંડી સમાન છે. ભલે ગાંધીનગરની ઓળખ રાજકીય કે વહીવટી દૃષ્ટિએ જે હોય તે પરંતુ સેવાના ક્ષેત્રે અને એમાંય રક્તદાનમાં ગાંધીનગર શિરમોર છે. દર વર્ષે ૧૨૦૦૦ યુનિટ અર્થાત રોજનું ૪૦ બોટલ ગાંધીનગર રક્તદાન કરે છે. આ નાનીસુની વાત નથી અને એથીયે વધારે ગૌરવની વાત એ છે કે ૧૦૦થી વધુ વખત રક્તદાન કરનારાઓની સંખ્યા પણ ગાંધીનગરમાં વધારે છે. ૭ સેવાભાવી તો જાણે રક્તદાન માટે ધુણી ધખાવીને બેઠા હોય તેવા સેવા ભેખધારીઓનું સરકારે તો અનેક વખત સન્માન કર્યુ પણ આજે ગાંધીનગરના જનજીવન વતી પ્રભાતના પગરવમાં અંતરના ભાવથી સાતેય સેવાભાવીઓને ભાવપુર્વક વંદન કરીએ છીએ. આ ઉપરાંત ૫૦થી વધુ વખત રક્તદાન કરનારાઓની સંખ્યા પણ નોંધપાત્ર છે. એ સૌ પણ અભિનંદનના અધિકારી છે, વંદનના અધિકારી છે. પ્રત્યક્ષ કે પરોક્ષ રક્તદાન પ્રવૃત્તિ સાથે સંકળાયેલા સૌ સેવાભાવી સ્વજનોને સાદર પ્રણામ છે.

# ઈંગ્લેન્ડ પર ભારતની ૨૦૩ રને જીત

**ત્રીજી ટેસ્ટમાં જસપ્રિત બુમરાહે તરખાટ મચાવીને ૮૫ રનમાં પાંચ વિકેટ ઝડપી : ૫૨૧ રનના વિશાળ લક્ષ્યાંકનો પીછો કરતા ઈંગ્લેન્ડની ટીમ બીજા દાવમાં ૩૧૭ રનમાં ઓલઆઉટ : વિરાટ કોહલી મેન ઓફ દ મેચ**



નોટિંગ્હામ, તા. ૨૨

નોટિંગ્હામ ખાતે રમાયેલી પાંચ ટેસ્ટ મેચોની ત્રીજી ટેસ્ટ મેચના પાંચમાં અને અંતિમ દિવસે ભારતે આજે ઈંગ્લેન્ડ ઉપર ૨૦૩ રને જીત મેળવીને શાનદાર વાપસી કરી હતી. આ જીતની સાથે ટેસ્ટ શ્રેણીમાં રોમાંચકતા અકબંધ રહી છે. ઈંગ્લેન્ડની ટીમ હજુ પણ શરૂઆતની બે ટેસ્ટ મેચો જીતીને શ્રેણીમાં ૨-૧ની લીડ ધરાવે છે. ભારત ટીમની હજુ સુધી આ શ્રેણીમાં લીડ મેળવવા માટે બાકીની બે ટેસ્ટ મેચોમાં જીત મેળવવી પડશે. ટેસ્ટ મેચના ચોથા દિવસે ભારતીય ટીમને જીતવા માટે એક વિકેટની જરૂર હતી. આજે પાંચમા અને અંતિમ દિવસે આ એક વિકેટ ઝડપીનો ઔપચારિકતા પૂર્ણ કરવામાં આવી હતી. પાંચમાં અને અંતિમ દિવસે ત્રીજી ઓવરમાં અશ્વિને જેમ્સ એન્ડરસને ૧૧ રને આઉટ કરીને ભારતને જીત અપાવી હતી. આ જીત બાદ ભારતીય ટીમની ોરદાર વાપસી થઈ છે. બીજી ઈનિંગ્સના આધાર પર ઈંગ્લેન્ડને જીતવા માટે ૫૨૧ રન કરવાની જરૂર હતી. ઈંગ્લેન્ડની ટીમ ૩૧૭ રન કરીને ઓલઆઉટ થઈ ગઈ હતી. ૧૦૪.૫ ઓવરમાં ઈંગ્લેન્ડની ટીમ ઓલઆઉટ થઈ હતી. મેન ઓફ દ મેચ તરીકે કેપ્ટન વિરાટ કોહલીની પસંદગી કરવામાં આવી હતી. અશ્વિને એન્ડરસનને રહાણેના હાથે કેચઆઉટ કરાવ્યો હતો. આ જીતની સાથે જ ભારતીય ટીમ ખુશીથી ઝુમી ઉઠી હતી. જસપ્રિત બુમરાહે બીજી ઈનિંગ્સમાં ૮૫ રન આપીને પાંચ

● અનુસંધાન પાન-૭ પર

## આશીષ ખેતાનનું આપમાંથી રાજીનામુ



નવી દિલ્હી,તા. ૨૨

આમ આદમી પાર્ટીમાં આશુતોષના રાજીનામા બાદ આશરે એક સપ્તાહ પછી હવે તેમની સાથે જ આ પાર્ટીમાં સામેલ થયેલા વધુ એક નેતા આશીષ ખેતાને પણ પાર્ટી સાથે છેડો ફાડી લેવાની જાહેરાત કરી છે. આની સાથે જ આમ આદમી પાર્ટીની વિશ્વસનીયતા સામે પ્રશ્નો ઉભા થઈ ગયા છે. કારણ કે પાર્ટી સાથે એક પછી એક નેતાઓ છેડો ફાડી રહ્યા છે. દિલ્હીના મુખ્યપ્રધાન અને આમ આદમી પાર્ટીના નેતા અરવિન્દ કેજરીવાલની કામ કરવાની નીતિ સામે તમામ પ્રશ્નો ઉઠાવી રહ્યા છે. આશીષ ખેતાને જાહેરાત કરી છે કે તેઓ હાલમાં લીગલ પ્રેકટીસ પર કેન્દ્રિત છે. જેથી તેઓ સક્રિય રાજનીતિથી છેડો ફાડી રહ્યા છે. આશીષ ખેતાને ટ્વિટ કરીને કહ્યુ છે કે તેઓ હાલમાં સંપૂર્ણરીતે લીગલ પ્રેકટીસ પર ધ્યાન કેન્દ્રિત કરવા માટે ઈચ્છુક છે.

# શ્રીનગરમાં બકરી ઈદ પ્રસંગે હિંસા

**શ્રીનગરમાં માર્ગો પર પથ્થરમારાની સાથે પાકિસ્તાન અને આઇએસના ધ્વજ દેખાયાઃ કટ્ટરપંથીઓએ તોફાન મચાવ્યું**

શ્રીનગર,તા. ૨૨

જમ્મુ કાશ્મીરમાં બકરીદના પ્રસંગે કેટલાક ભાગોમાં આજે વ્યાપક હિંસા ભડકી ઉઠી હતી. માર્ગો પર વિરોધ પ્રદર્શન દરમિયાન હિંસા ભડકી ઉઠી હતી. શ્રીનગરમાં માર્ગો પર જોરદાર પથ્થરમારો કરવામાં આવ્યો હતો. સાથે સાથે પાકિસ્તાની ધ્વજ અને ત્રાસવાદી સંગઠન આઈએસના ધ્વજ જોવા મળ્યા હતા. કુલગામમાં ટ્રેની કોન્સ્ટેબલની ઘાતકી હત્યા કરવામાં આવી હતી. જ્યારે ભાજપના કાર્યકરની પુલવામાં પણ ઘાતકી હત્યા કરવામાં આવી હતી. સ્થિતી વણસી જતા સુરક્ષા દળોએ તરત જ મોરચા સંભાળી લીધા હતા. સુરક્ષા દળો અને સ્થાનિક લોકો વચ્ચે ઝપાઝપીના હેવાલ પણ આવી રહ્યા છે. બકરીદના પ્રસંગે પાકિસ્તાન તરફથી પણ યુદ્ધવિરામનો ભંગ કરીને ગોળીબાર કરવામાં આવ્યો હતો. પુલવામાં ભાજપના કાર્યકરની ઘાતકી હત્યા કરવામાં આવતા સ્થિતી વણસી ગઈ હતી. ભાજપ પ્રમુખ અમિત શાહે પુલવામાં ભાજપના કાર્યકરની હત્યા માટે દુખ વ્યક્ત કર્યુ છે. શાહે ટ્વિટ કરીને કહ્યુ છે કે ભાજપના કાર્યકર શબ્બીર અહેમદ ભટ્ટના મોતથી દુખી છે. સાથે સાથે આ કાયરતાપૂર્વકની હત્યાની નિંદા કરે છે. કાશ્મીરી ત્રાસવાદીઓ અને કટ્ટરપંથી યુવાનોને આગળ વધવાથી રોકી શકનાર નથી. હિંસાનો ચક્ર લાંબા સમય સુધી ચાલી શકે તેમ નથી. બકરીદના પ્રસંગે રાજ્યમાં સુરક્ષા વ્યવસ્થા અભૂતપૂર્વ કરી દેવામાં આવી છે. આજે સવારે શ્રીનગરના કેટલાક વિસ્તારોમાં હિંસા ભડકી ઉઠી હતી. કેટલાક પથ્થરબાજોએ સવાર પડતાની સાથે સેના અને સુરક્ષા દળો પર જોરદાર પથ્થરમારો

● અનુસંધાન પાન-૭ પર

## ન્યુઝ ટ્રેક

### પાકિસ્તાને મીડિયા પરથી પ્રતિબંધ હટાવ્યા

પાકિસ્તાનના નવા વડાપ્રધાન ઈમરાનખાને સરકારી મીડિયા પર લગાવેલા તમામ પ્રતિબંધો હટાવી લીધા છે. એમણે પાકિસ્તાન ટીવી અને રેડિયો પાકિસ્તાન પર લાગેલી સેન્સરશીપને ખતમ કરી દીધી છે. પાકિસ્તાનના નવા સૂચના અને પ્રસારણ પ્રધાન ફવાદ ચૌધરીએ ટ્વીટર પર જાણકારી આપતાં લખ્યું કે અમારી સરકારે સરકારી મીડિયાને પૂર્ણ સંપાદકીય સ્વતંત્રતા આપી છે.

### અમેરિકાના પ્રતિબંધ છતા ઉત્તર કોરિયા સુધર્યું નથી

અમેરિકાના આકરા પ્રતિબંધ બાદ પણ ઉત્તર કોરિયાએ પરમાણુ પ્રોગ્રામ બંધ કર્યા નથી. યુએન ન્યુક્લિયર વોચડોગ અનુસાર ઉત્તર કોરિયાએ પરમાણુ ગતિવિધિ બંધ કરી હોય તેવા કોઈ અણસાર જોવા મળી રહ્યાં નથી.

### ફેસબુકે રશિયા અને ઈરાન સાથે જોડાયેલા ૬૫૨ નકલી એકાઉન્ટ ડિલીટ કર્યા

ફેસબુકે મંગળવારે રાતે રશિયા અને ઈરાન સાથે જોડાયેલા ૬૫૨ ફેક એકાઉન્ટ્સ અને પેજ ડિલીટ કરાવ્યા છે. ફેસબુકને શંકા હતી કે આ એકાઉન્ટ્સ દ્વારા અમેરિકા, યુકે, મિડલ ઈસ્ટ અને લેટિન અમેરિકામાં રાજકીય દખલગીરી વધારવામાં આવી રહી છે.

### જીએસટીઆર-૩બી રિટર્ન હવે ૨૪મી સુધી ભરી શકાશે

સરકારે જુલાઈ મહિના માટે જીએસટી બ્રીફ સેલ રિટર્ન (જીએસટીઆર-૩ બી) રિટર્ન ભરવાની તારીખ લંબાવીને ૨૪ ઓગસ્ટ કરી છે. અગાઉ જીએસટીઆર-૩ બી ભરવાની છેલ્લી તારીખ ૨૦ ઓગસ્ટ હતી. એક સત્તાવાર નિવેદનમાં જણાવાયું છે કે જુલાઈ મહિનાના જીએસટીઆર-૩ બી ભરવાની છેલ્લી તારીખ ૨૪મી રહેશે.

# આજે વડાપ્રધાન ગુજરાતના પ્રવાસે

**રાજ્યમાં પ્રધાનમંત્રી આવાસ યોજના-ગ્રામીણ અતર્ગત ૧૭૨૭ કરોડના ખર્ચે નિર્માણ પામેલ ૧,૧૫,૫૫૧ આવાસોના વિવિધ જિલ્લાના લાભાર્થીઓને વલસાડ જિલ્લાના જુજવા ખાતેથી સામૂહિક ઈ-ગૃહ પ્રવેશ કરાવશે : જૂનાગઢમાં ૪૫૦ કરોડના વિવિધ વિકાસ કામોના લોકાર્પણ-ભૂમિપૂજન કરશે : ગાંધીનગરમાં ગુજરાત ફોરેન્સિક સાયન્સીસ યુનિવર્સિટીના પદવીદાન સમારોહમાં વિદ્યાર્થીઓને વડાપ્રધાનના હસ્તે પદવી અને મેડલ્સ એનાયત કરાશે**

ગાંધીનગર, તા. ૨૨



વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી આવતી કાલે ગુજરાતની એક દિવસીય મુલાકાતે આવી રહ્યા છે. વડાપ્રધાન વલસાડ, જૂનાગઢ અને ગાંધીનગર ખાતેના વિવિધ કાર્યક્રમોમાં ઉપસ્થિત રહેશે. આ વેળાએ મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણી, નાયબ મુખ્યમંત્રી નીતિનભાઈ પટેલ પણ સાથે રહેશે.

વડાપ્રધાનના નિર્ધારિત કાર્યક્રમ અનુસાર તેઓ નવી દિલ્હીથી સવારે ૧૦.૧૫ કલાકે વાયુદળના વિમાનમાં સુરત હવાઈ મથકે આવી પહોંચશે. ત્યાંથી ૧૦.૫૦ કલાકે વલસાડ પહોંચીને ૧૧.૦૦ કલાકે જૂજવા ગામ પહોંચશે. રાજ્યમાં પ્રધાનમંત્રી આવાસ યોજના-ગ્રામીણ અતર્ગત રૂ. ૧૭૨૭ કરોડના ખર્ચે નિર્માણ પામેલ ૧,૧૫,૫૫૧ આવાસોના વિવિધ જિલ્લાના લાભાર્થીઓને વલસાડ જિલ્લાના જુજવા ખાતેથી સામૂહિક ઈ-ગૃહ પ્રવેશ કરાવશે.

મુખ્યમંત્રી ગ્રામોદય યોજના હેઠળ ૫ હજાર મહિલાઓને ઉદ્યોગ સાથે જોડાણના સ્કીલ સર્ટિફિકેટ તેમજ નિમણુંકપત્રોનું વિતરણ કરવાના છે. વલસાડના ધરમપુર કપરાડાના અંતરિયાળ ગામોને પીવાનું પાણી પહોંચાડવાની રૂ. ૫૮૬ કરોડની અસ્ટોલ જૂથ પાણી પુરવઠા યોજનાના ભૂમિપૂજનની તકતીનું અનાવરણ પણ તેઓ કરશે અને જાહેર સભાને સંબોધન કરશે.


વડાપ્રધાન વલસાડથી બપોરે ૧૨.૩૦ કલાકે જૂનાગઢ જવા રવાના થશે અને ૨.૨૫ વાગ્યે જૂનાગઢ પોલીસ ટ્રેનિંગ કોલેજ મેદાન આવી પહોંચશે. જૂનાગઢમાં તેઓ રૂ. ૨૭૫ કરોડના ખર્ચે નવનિર્મિત ૩૦૦ બેડની સિવિલ હોસ્પિટલનું લોકાર્પણ કરશે અને જૂનાગઢ કૃષિ યુનિવર્સિટીના પોલીટેકનિક ઈન એગ્રો પ્રોસેસિંગ બિલ્ડીંગ, નવી ફિશરીઝ કોલેજના ગર્લ્સ હોસ્ટેલનું ઉદ્ઘાટન કરશે. તેમજ સોરઠ જૂનાગઢ જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘના નવા મિલ્ક પ્રોસેસિંગ પ્લાન્ટનો લોકાર્પણ અને જૂનાગઢ મહાનગરપાલિકાના ૩

● અનુસંધાન પાન-૭ પર

## કોંગ્રેસના વરિષ્ઠ નેતા ગુરુદાસનું હૃદયરોગના હુમલામાં નિધન

**પ્રણવ મુખર્જી, મનમોનહસિંહ, રાહુલ ગાંધી અને સોનિયા ગાંધી સહિતના તમામ કોંગ્રેસી નેતાઓએ શ્રદ્ધાંજલિ આપી**

નવીદિલ્હી, તા. ૨૨



કોંગ્રેસના વરિષ્ઠ નેતા અને પૂર્વ કેન્દ્રીયમંત્રી ગુરુદાસ કામતનું આજે સવારે એટેકના કારણે અવસાન થયું હતું. કામત ૬૩ વર્ષના હતા. શ્વાસ લેવામાં તકલીફ થયા બાદ સવારે ૭ વાગે ચાણક્યપુરીના પ્રાઈમસ હોસ્પિટલમાં લઈ જવામાં આવ્યા હતા પરંતુ રસ્તામાં જ તેમનું અવસાન થયું હતું. કામતના સહાયકે તેમને સવારે ચા આપી હતી. એ ગાળા દરમિયાન તેમને શ્વાસ લેવામાં તકલીફ થઈ રહી હતી. ડ્રાઈવર તરત જ તેમને હોસ્પિટલ લઈને પહોંચ્યો હતો. સવારમાં વસંત એન્કલેવ સ્થિત પોતાના આવાસ પર એકલા હતા. કામતે ગઈકાલે પોતાના ટ્વિટથી ઈદની શુભેચ્છા પણ તમામને પાઠવી હતી.

● અનુસંધાન પાન-૭ પર




## એશિયન ગેમ્સમાં મહિલા શૂટિંગમાં રાહી સર્નોબતે ગોલ્ડ મેડલ જીત્યો

જાકાર્તા,તા.૨૨

મહારાષ્ટ્રના કોલ્હાપુરની રહેવાસી રાહી જીવન સર્નોબતે



અહીં એશિયન ગેમ્સ-૨૦૧૮માં આજે ચોથા દિવસે મહિલાઓની શૂટિંગમાં ૨૫ મીટર પિસ્તોલ હરીફાઈમાં ગોલ્ડ મેડલ જીત્યો છે. આ સાથે આ વખતની ગેમ્સમાં ભારતે જીતેલા ગોલ્ડ મેડલનો આંકડો ૪ થયો છે અને કુલ મેડલ્સની સંખ્યા વધીને ૧૧ થઈ છે.

રાહીએ થાઈલેન્ડની હરીફને પરાજય આપ્યો છે. આ હરીફાઈનો કાંસ્ય ચંદ્રક કોરિયાની શૂટરે જીત્યો છે.

કમનસીબે, ભારતને જેને માટે મેડલની આશા હતી તે મનુ ભાકર બાકાત થઈ ગઈ હતી. રાહીએ નવા ગેમ્સ રેકોર્ડ સાથે ગોલ્ડ મેડલ જીત્યો છે. એશિયન ગેમ્સમાં એનો આ બીજો મેડલ છે.

## હોકીના ઈતિહાસમાં ભારતની સૌથી મોટી જીત : હોંગકોંગને ૨૬-૦થી હરાવ્યું

જાકાર્તા,તા.૨૨

ભારતે ૧૮મા એશિયન ગેમ્સના ચોથા દિવસ બુધવારે પુરુષ હોકી સ્પર્ધામાં હોંગકોંગની વિરુદ્ધ ૨૬-૦થી જીત નોંધાવી. પુરુષ હોકી ઈતિહાસમાં ભારતની આ સૌથી મોટી જીત છે. આ પહેલા ભારતે ૧૯૩૨ના ઓલિમ્પિકમાં અમેરિકાને ૨૪-૧થી હરાવ્યું હતું.ભારતના આકાશદીપ સિંહે બીજી મિનિટે જ મેચનો પહેલો ગોલ કર્યો. ત્યારબાદ ત્રીજી મિનિટમાં મનપ્રીત સિંહે ગોલ કર્યો. ભારત તરફથી રુપિંદરપાલ સિંહ, હરમનપ્રીત સિંહ અને લલિત ઉપાધ્યાયે ૪-૪ ગોલ કર્યા. આકાશદીપ સિંહે ૩ અને વરુણ કુમાર-મનપ્રીતસિંહે ૨-૨ ગોલ કર્યા. સુનીલ અને વિવેક સાગરે ૧-૧ ગોલ કર્યા.

ગાંધીનગર
LED TV, LCD TV
રીપેરીંગ માટે ફોન કરો
સોમનાથ ઈલેક્ટ્રોનિક્સ
મો. ૯૭૧૪૧ ૯૮૩૬૬

La Pinoz Pizza
national brand in Italian fast food (Pizzas, Pastas...) is looking for dynamic professionals for Gandhinagar / south Bopal
1.Cashier / FrontDesk Captain
2. Kitchen staff
3. Delivery riders
Whatsapp CV to
9099081238
7202922271

ROOPKALA
The silver shop
માત્ર ચાંદીનો શો-રૂમ
199, District Shopping Center, Nr. Bank of Baroda, Sector - 21, Gandhinagar, Ph.232 48225
તમામ ક્રેડીટ / ડેબીટ કાર્ડ આવકાર્ય